## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તમે જે ફ્લેવરવાળું સેનેટાઈઝર લાવ્યા છો એ ફ્લેવરનો ટેસ્ટ હું જે શાક બનાવું તેમાં આવશે જ...!!

### શેરથા પાસે અજાણી મહિલાને ટક્કર મારી વાહનચાલક ફરાર

અડાલજ-કલોલ માર્ગ પર શેરથા કટ પાસે સોમવારની મોડીસાંજે અડાલજ તરફથી આવી રોંગ સાઈડે સર્વિસ માર્ગ પર ચાલતી કલોલ તરફ આવી રહેલી અજાણી સ્ત્રીને શેરથા કટ પાસે અજાણ્યા વાહને ટક્કર મારી અકસ્માત કરી કલોલ તરફ અજાણ્યો વાહન ચાલક ભાગી ગયો હતો. અકસ્માતને પગલે અજાણી સ્ત્રીને માથાના ભાગે તેમજ જમણા પગે ઈજા થઈ હતી. જેથી એમ્બ્યુલન્સ મારફતે પહેલા કલોલ સરકારી દવાખાને ત્યારબાદ વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે અજાણી ઈજાગ્રસ્ત મહિલાને ખસેડાઈ હતી.

# કોર્ટના પાર્કીંગમાં પેવર બ્લોક નંખાતા વકીલોમાં હર્ષની લાગણી

## પાર્કીંગ વિસ્તારમાં સફાઇ અને પેવર બ્લોકના અભાવે વકીલોને હાલાકી પડતી હતી

ગાંધીનગર તા ૭

ગાંધીનગર જિલ્લા ન્યાયલય બહારના પાર્કીંગ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી પેવર બ્લોકના અભાવે ગંદકીની સમસ્યા પેચીદી બની હતી જયારે પેવર બ્લોકના અભાવે વરસાદી દિવસોમાં વકીલોએ વાહન પાર્કીંગ માટે અવ્યવસ્થાનો સામનો કરવો પડતો હતો આ સમસ્યાને નિવારવા માટે ડેપ્યુટી મેયરના સહકારથી પેવર બ્લોકનુ કામ પુર્ણ કરી દેવાતા વકીલોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

ગાંધીનગર કોર્ટ સંકુલ આસપાસ પાર્કીંગ પ્લેસમાં સફાઈ અને સુવિધાનો ભારોભાર અભાવ હોવાથી વકીલોને રોજબરોજ હાલાકી વેઠવી પડતી હતી. જયારે પાર્કીંગ વિસ્તારમાં પેવર બ્લોક ન હોવાથી વરસાદી દિવસોમાં પણ કાદવ કીચ્ચડ વચ્ચે વાહન પાર્કીંગ કરવાનુ પણ મુશ્કેલ બનતુ હોવાનો રોષ વકીલઆલમમાં પ્રબળ બન્યો હતો.

જયારે આ અંગે બાર એસોસિએશ દ્વારા ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘરને રજુઆત કરવામાં આવી હતી. આ વિસ્તારમાં પેવર બ્લોક તેમજ વૃક્ષારોપણ કરવા માટે પણ જણાંવાયુ હતુ ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલે આ અંગે જણાંવ્યુ હતુ કે આ રજુઆતને ધ્યાને લઈને ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે માત્ર એક જ અઠવાડીયામાં સ્વભંડોળમાંથી અંગત રસ લઈને આ કામ મંજુર કરાવ્યુ હતુ.

જેના અંતે પાર્કીંગ વિસ્તારમાં પેવર બ્લોક ફીટ કરવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. ગાંધીનગર બાર એસોસિએશને પણ નાજાભાઈ ઘાંઘરનો આભાર વ્યકત કર્યો છે. જયારે આ કામગીરી શરૂ કરતા પુર્વે ખાતમુહુર્ત વેળાએ પણ મેયર રીટાબેન પટેલ , ડેપ્યુટી મેયર નાઝાભાઈ , સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા , બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલ તેમજ વકીલોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકા પંચાયતની આજની સામાન્ય સભામાં કોંગ્રેસે એજન્ડાના મુદ્દાઓનો વિરોધ લેખિતમાં આપી વિરોધ નોંધાવ્યો હતો.
- તાલુકા પંચાયતની આજની સામાન્ય સભામાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરાયુ હતુ.
- તાલુકા પંચાયતની આજની સામાન્ય સભામાં તાલુકા વિકાસ અધિકારી ધાંધલ્યાનું કોરોના વોરિયર તરીકે વિશેષ સન્માન સર્વપક્ષીય કરવામાં આવ્યુ હતુ.
- તાલુકા પંચાયતની સામાન્ય સભા મળતાં પૂર્વે કોંગ્રેસના સભ્યો જિલ્લા પંચાયત પ્રમુખના નિવાસસ્થાને બેઠક કરી અને રણનીતિને આખરી ઓપ આપ્યો હતો.
- માણસા નગરપાલિકાએ ૩૯ લોકને જાહેરમાં થુંકીને ગંદકી કરવા માટે દંડ વસુલ્યો છે.
- ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો અટકાવવા માટે એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવામાં આવી છે.




મંગળવારના રોજ સાંજના સુમારે પાટીદાર યુવા નેતા દિનેશ બાંભણીયા, યુવા આંદોલનકારી યુવરાજસિંહ જાડેજા, સહિત ૧૫ જેટલા યુવાનો સચિવાલય પાસે જ બેસી ગયા હતા. સાંજે પાંચ વાગ્યાના સુમારે અચાનક આવી ગયેલા નાગરીકોએ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી,ના મ્હોરા પહેરીને બેસણું યોજયું હતું. સચિવાલય પાસે એકઠા થયેલા યુવાનોએ બેસણુ યોજીને સરકાર સામે સુત્રોચ્ચાર કરતા પોલીસ તાત્કાલીક પહોંચી ગઈ હતી અને ૧૫ જેટલા યુવાનોની અટકાયત કરી હતી.

# કલોલ મીનરલ વોટરના ગોડાઉનમાંથી વિદેશી દારુનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એલસીબી પોલીસે કલોલ વિસ્તારમાં બે સ્થળે દરોડા પાડી દારુનો જથ્થો ઝડપી પાડ્યો છે. એલસીબી પોલીસે કલોલ હાઈ વે પર આવેલા મિનરલ વોટરના ગોડાઉનમાંથી તેમજ સઈજમાં બુટલેગરના ઘર પાસેથી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો.

મળતી વિગત મુજબ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચના અનુલસાર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમે કલોલ પંથકમાં પેટ્રોલીંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે કલોલ હાઈ વે પર બળીયાદેવના મંદિર પાસેના શોંપીગની પાછળ આવેલા વિનસ મિનરલ વોટરના ગોડાઉનમાં વિદેશી દારુનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેને પગલે પોલીસે દરોડો પાડતા ગોડાઉનમાંથી વિવિધ ૧૨૦ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ. ૯૨,૬૬૬ની કિંમતની દારુની બોટલ સાથે સંજય જયંતિભાઈ બાવા (રહે. પંચવટી રેસિડન્સી, સઈજ)ની ધરપકડ કરીને



કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. એલસીબીની ટીમે બીજો દરોડો સઈજ ગામે શાળાની બાજુમાં આવેલા માનભાના માઢમાં પાડયો હતો. જેમાં પોલીસે ખુલ્લા પ્લોટમાં ઈંટોની આડમાં થેલામાં ભરેલ બે પેટી વિદેશી દારુ મળી આવ્યો હતો. પોલીસે દારુનો વેપાર કરતા અક્ષયજી બાબુજી ઠાકોરની ધરપકડ કરી હતી. પોલીસે ૮,૨૨૦ ની કિંમતની વિદેશી દારુની ૨૪ બોટલ કબ્જે લઈ આરોપી સામે પ્રોહિએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

### ૧૩ ડેમમાં ૯૯ ટકા પાણી જમા : હાઈએલર્ટની સ્થિતિ

ગાંધીનગર,તા.૭

રાજયમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં સપ્તાહથી વરસાદ વરસી રહ્યો છે. છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદ પડતાં સૌરાષ્ટ્રના જળાશયોમાં પાણીની આવક વધી છે.જામનગર,દેવભુમી દ્વારકા, અમરેલી,જુનાગઢ,પોરબંદર અને રાજકોટમાં અતિભારે વરસાદ પડ્યો છે.ચોમાસુ બેઠાને ૨૦ દિવસ જ થયાં છે ત્યાં સૌરાષ્ટ્રના ૩૬ ડેમમાં ભારે પાણીની આવક જોવા મળી છે.તેમાંથી પણ ૧૨ ડેમ ૧૦૦ ટકા, ૧૩ ડેમ ૯૦ ટકા અને ૧૧ ડેમ ૮૦ ટકા થી ૯૦ ટકા સુધી ભરાયા છે.

# જિલ્લામાં ૧૩ ધન્વન્તરી રથો દ્વારા ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય સેવા આરંભાઈ

## રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય ટીમો દ્વારા ૨૪૫ ગામોમાં આરોગ્ય કેમ્પ કરીને ૧૫,૮૪૨ લોકોનું સ્ક્રિનિંગ : ૯૭ જેટલા શંકાસ્પદ દર્દીઓને રીફર કરાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકામાં છ ધન્વન્તરી આરોગ્ય રથ દ્વારા આરોગ્ય લક્ષી સેવાઓ આપવામાં આવતી હતી. આ સેવાને વધુ લોકભોગ્ય બનાવવા રાજય સરકારની સુચના અન્વયે જિલ્લાના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના વાહનનો ધન્વન્તરી આરોગ્ય રથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. હવે, ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ ધન્વન્તરી આરોગ્ય રથની સેવા શરૂ કરવામાં આવી છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આરોગ્ય સેવા ઘર આંગણે આપવાના ઉમદા આશયથી જિલ્લાના ચાર તાલુકામાં ૬ ધન્વન્તરી આરોગ્ય રથ શરૂ કરવામાં આવ્યા હતા. રાજય સરકારની સુચના અન્વયે ગાંધીનગર જિલ્લાના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના વાહનનો ધન્વન્તરી આરોગ્ય રથ તરીકે ઉપયોગ કરી જિલ્લાના તમામ તાલુકાના છેવાડા વિસ્તારમાં આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જેમાં ગાંધીનગર તાલુકામાં છ અને દહેગામ તાલુકામાં એક એમ કુલ સાત જેટલા ધન્વન્તરી આરોગ્ય રથ નો ઉમેરો કરવામાં આવ્યો છે.

હવે, સમગ્ર જિલ્લામાં રથો સાથે કુલ- ૧૩ આરોગ્યની ટીમો સેવાઓ આપી રહી છે. આ રથમાં આરબીએસકે ના એક સ્ત્રી અને એક પુરૂષ મેડિકલ ઓફિસર અને પેરા મેડિકલ સ્ટાફ ની ટીમો દ્વારા ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

ગ્રામ્ય કક્ષાએ યોજાતા આરોગ્ય કેમ્પમાં સ્થળ પર જ થર્મલગન વડે તાવની તપાસ, પલ્સ ઓક્શીમીટર દ્વારા લોહીમાં રહેલા ઓકિસજનના પ્રમાણની તપાસ, આયુર્વેદિક અને હોમિયોપેથિક દવા અને ઉકાળા વિતરણ, આર.ડી કિટથી મેલિરયાની તપાસ, ટી.બીના દર્દીની તપાસ અને સારવાર, શંકાસ્પદ દર્દીઓને રીફર કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય ટીમો દ્વારા ૨૪૫ જેટલા ગામોમાં આરોગ્ય કેમ્પો કરવામાં આવ્યા છે. જેમાં ૧૫૮૨ લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે. ૯૭ જેટલા શંકાસ્પદ દર્દીઓને સંદર્ભ સેવા અર્થે નજીકના સરકારી દવાખાનામાં રીફર કરવામાં આવ્યા છે.




# ધોરણ ૯-૧૨ના સિલેબસમાં ૩૦ ટકા ઘટાડો કરવા નિર્ણય

## કોરોનામાં વિદ્યાર્થીઓ પર સીબીએસઈ બોર્ડની મહેર : વિદ્યાર્થીઓના હિતમાં અભ્યાસક્રમને તર્કસંગત બનાવવા કેન્દ્રનો આદેશ : ૧૫મીએ નિર્ણય જાહેર થાય તેવી વકી

અમદાવાદ, તા. ૭

ભારત સહિત દુનિયાભરના દેશોમાં કોરોના વાયરસ મહામારીના પગલે સ્કૂલો અને કોલેજોના શિક્ષણ પર ગંભીર અસર પડી છે. હજુ દેશમાં સ્કૂલો અને કોલેજો બંધ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ધોરણ ૯ થી ૧૨ના વિષયોનો અભ્યાસક્રમ ૩૦ ટકા સુધી તર્કસંગત બનાવવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ના અભ્યાસક્રમને સંશોધિત કરવા અને ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમનો ભાર ઓછો કરવા સલાહ આપી છે. સીબીએસઈના કહ્યું છે કે જે અભ્યાસક્રમના મુદ્દાઓના ઓછા કરવામાં આવ્યા છે તે આંતરિક મૂલ્યાંકન અને વર્ષના અંતમાં લેવાતી બોર્ડની પરીક્ષા માટે હિસ્સો રહેશે નહી. કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે ટ્વીટ કરીને કહ્યું છે કે, શીખવાની ઉપલબ્ધિના મહત્વને જોતાં અભ્યાસક્રમની મૂળ મુદ્દાને યથાવત્ રાખીને ૩૦ ટકા સુધી તર્કસંગત બનાવવાનો નિર્ણય લેવાયો છે. કેન્દ્રીય મંત્રી રમેશ પોખરિયાલ નિશંકે કહ્યુંછે કે સીલેબસ-ફોર-સ્ટુડન્ટ-૨૦૨૦ હેઠળ અભ્યાસક્રમ ઓછો કરવા સંદર્ભે દેશભરના શિક્ષણવિદો પાસેથી ૧૫૦૦થી વધુ સૂઝાવ મળ્યા હતા, આ સૂઝાવોને ધ્યાનમાં રાખીને ૩૦ ટકા સુધીનો અભ્યાસક્રમ તર્કસંગત કે ઓછો કરવાનો નિર્ણય લેવાયો છે. ગત મહિને દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કોરોના વાયરસ મહામારીથી થતી નુકસાનના પગલે તમામ ગ્રેડ માટે અભ્યાસક્રમ ૩૦ ટકા ઓછો કરવાની જાહેરાત કરી હતી. મનીષ સિસોદીયાએ એ પણ સૂઝાવ આપ્યો કે આગામી શૈક્ષણિક વર્ષ માટે જેઈઈ,એનઈઈટી જેવી રાષ્ટ્રીય સ્તરની એન્ટ્રસ એક્ઝામ પણ ઓછા કરાયેલા અભ્યાસક્રમના આધારે લેવી જોઈએ. કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી રમેશ પોખરિયાલ નિશંકે કહ્યુ કે રવિવારે સીબીએસઈ અને ફેસબુકે ડિઝિટલ સુરક્ષા અને ઓનલાઈન વેલ-બીઈંગની શુરઆત કરી છે અને વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સંવર્ધિત વાસ્તવિકતા પર અભ્યાસક્રમ શરુ કરવાની ભાગીદારી કરી છે.

સીબીએસઈના અધિકારીઓના કહેવા અનુસાર, વ્યાપક અભ્યાસક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના ઓનલાઈન શિક્ષણની ભલાઈ સુનિશ્ચિત કરવા અને તેમને ભવિષ્યના કામ માટે તૈયાર કરવાની છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેશભરની યુનિવર્સિટીઓ અને સ્કૂલો ૧૬મી માર્ચથી બંધ છે, જ્યારે કેન્દ્ર સરકારે કોવિડ-૧૯ના પ્રકોપને કાબુમા લેવાના ઉપાયો પૈકી એક દેશવ્યાપી લોકડાઉન લાગુ કર્યુ હતું. ત્યારથી દેશભરમાં શૈક્ષણિક કામગીરી પર ગંભીર અસર પડી રહી છે. આના અનુસંધાનમાં કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન (સીઆઈ એસ સીઈ), આ સંસ્થા આઈસીએસઈ અને આઈએસસીની વાર્ષિક પરીક્ષા આયોજિત કરે છે, તેણે ગત વર્ષના શૈક્ષણિક વર્ષના મહત્વપૂર્ણ નિર્ધારણના કારણે આગામી વર્ષના અભ્યાસક્રમમાં ૨૫ ટકાનો કાપ કરવાનો નિર્ણય લીધો છે., એડિશનલ સોલિસિટર જનરલ શંકર નારાયણને જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ આર હેમલત્તાની બેન્ચ સમક્ષ એ ઉદેશ્યની એક રજૂઆત કરી અને કહ્યું કે કેન્દ્ર સરકાર ઓનલાઈન વર્ગો માટે નિયમો અને માપદંડો તૈયાર કરવાની પ્રક્રિયામાં છે અને ૧૫ જુલાઈને નિયમો જાહેર કરે તેવી શક્યતાછે.

# અનલોક-૧ બાદથી રાજ્ય સરકારની આવકમાં વધારો

## લોકડાઉન બાદ વેટ, SGST, મોટર વ્હીકલ ટેક્સ અને સ્ટેમ્પ ડ્યૂટી કલેક્શનના રજીસ્ટ્રેશનમાં નોધપાત્ર વધારો

૧લી જુલાઈથી અનલોક-૧ અમલમાં આવ્યા બાદ રાજય સરકારની આવકમાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. રેવન્યૂ વિભાગના મુખ્ય સૂત્રોએ જણાવ્યું કે, વેટ, જીએ્જી, મોટર વ્હીકલ ટેક્સ અને સ્ટેમ્પ ડ્યૂટી કલેક્શનના રજીસ્ટ્રેશનમાં લોકડાઉન લાગુ કરાયા બાદના મહિનાઓની સરખામણીએ વધારો થયો છે. રાજય સરકારને લોકડાઉનના મહિનાઓ દરમિયાન કર્મચારીઓને પગાર તથા પહેલાના દેવાને ચૂકવવા માટે મોટી રકમ ઉધાર લેવી પડી હતી. જોકે અનલોક-૧ સાથે કેટલીક ઈકોનોમિક એક્ટિવિટી ફરીથી શરૂ થતા જ રેવન્યૂ કલેક્શનમાં ફરીથી વધારો જોવા મળી રહ્યો છે. સરકારી આંકડા મુજબ, મે ૨૦૨૦માં વેટથી રાજ્ય સરકારને ૭૬૫ કરોડની આવક થઈ હતી, જે જૂન મહિનામાં ૧૧૩૨ કરોડ થઈ ગઈ. જીએ્ઝથી એપ્રિલમાં ૪૯૨ કરોડની આવક થઈ હતી, જે જૂનમાં ૨૪૨૦ કરોડ થઈ. આવી જ રીતે મોટર વ્હીકલ ટેકસથી આવરમાં ચાર ગણો વધારો થયો. એપ્રિલમાં આ આવક ૨૯.૪૧ કરોડ હતી, જે જૂનમાં ૧૨૯.૦૫ કરોડ થઈ. સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં પણ એપ્રિલમાં ૫.૫૫ કરોડથી જૂનમાં ૫૦૧ કરોડ સુધી વધારો થયો. આ વર્ષે માર્ચ અને જૂનમાં રાજ્ય સરકારની આવકમાં વધારો થયો હોવા છતાં માર્ચ ૨૦૨૦થી જૂન ૨૦૨૦ સુધીની આવકમાં પાછલા વર્ષની સરખામણીએ ૮૮૭૪.૬૬ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. માર્ચ ૨૦૧૯થી જૂન ૨૦૧૯ દરમિયાન રાજ્ય સરકારની આવક ૨૫,૩૫૨.૪૩ કરોડ રૂપિયા હતી, જે આ વર્ષે ઘટીને ૧૬,૪૭૭.૭૭ કરોડ રહી ગઈ. રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણાં પ્રધાન નીતિન પટેલે કહ્યું, લોકડાઉન દરમિયાન રાજ્ય સરકારની આવક તળિયે પહોંચી ગઈ હતી. જોકે સરકારની ટેક્સની આવક વધી રહી છે તે સારા સંકેતો છે, જો કે, પાછલા વર્ષની સરખાણીએ નથી પહોંચી. અમે આશા છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ઈકોનોમીને વધારવા લેવાઈ રહેલા નિર્ણયોથી થોડા સમયમાં આપણે બાઉન્સ બેક કરીશું.



# ચિલોડામાં ૪૮ વર્ષીય મહિલાને પોઝીટીવ કેસ આવતાં આરોગ્યતંત્ર હરકતમાં

ગાંધીનગર જિલ્લામાં કોરોના વાયરસના કેસ ધીમી ગતિએ ગ્રામ્ય વિસ્તારમાં વધતાં ચિંતામાં વધારો થવા પામ્યો છે. જેમાં ચિલોડા ગામમાં ૩જી જૂન બાદ સમયાંતરે જુદા જુદા રહેણાંક વિસ્તારમાં પોઝીટીવ કેસ આવતાં સ્થાનિક લોકોમાં હવે સતર્કતા કેળવવાની જરૂરિયાત જણાય છે. ત્યારે ૬ થી જુલાઈએ સાંજે ચિલોડા સ્થિત અમદાવાદ રોડ સાઈડે આવેલ શક્તિ કોમ્પલેક્ષ રહેણાંક વિસ્તારમાં વાણિજ્ય વ્યવસાય એટલે કરિયાણાની દુકાન ચલાવતા ૪૮ વર્ષીય મહિલાને પોઝીટીવ આવતાં સ્થાનિક આરોગ્યતંત્ર દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ત્યારબાદ આ રહેણાંક વિસ્તારોમાં આવેલા૧૯ મકાનો અને ૭૨ વ્યક્તિઓને તંત્ર દ્વારા ક્વોરોન્ટાઈન કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં ડૉ. કૌશલ સીએમઓ માનસી પટેલ, ફિમેલ હેલ્થ વર્કર, પટેલ હિતેશભાઈ, આશાવર્કર બહેનો જયશ્રીબેન કે. સોલંકી, સુનિતાબેન વાળંદ, ઠાકોર ભીખીબેન તથા ઠાકોર કાજલબેન સેવામાં જોડાયા હતા.


## જાહેર ખબર

ગાંધીનગર જિલ્લામાં આવેલી સચિવાલય સહિતની રાજ્ય સરકારની (સરકારી મધ્યસ્થ પ્રેસ સહિત) તમામ કચેરીઓમાંથી નીકળતી ૨૦૨૦-૨૧ના વર્ષની 'ડ' વર્ગની પસ્તી ઉપાડવા માટે કોન્ટ્રાક્ટ આપવાનો થતો હોઈ આ ઈજારો રાખવા ઈચ્છા ધરાવતી સ્થાનિક મહિલા સંસ્થાઓ / સખી મંડળો તરફથી રજી.પો.એ.ડી.થી અરજી મંગાવવામાં આવે છે.

અરજીનો નમુનો અત્રેની કચેરીની વહીવટી-૧ શાખામાંથી તા. ૧૩/૭/૨૦૨૦થી તા. ૧૭/૭/૨૦૨૦ દરમિયાન કામકાજના દિવસોએ સવારે ૧૧-૦૦ કલાકથી બપોરે ૨-૦૦ કલાક દરમિયાન મળી શકશે. તેમજ સંપૂર્ણ ભરેલ અરજીપત્રક જરૂરી આધાર પુરાવા સાથે કામકાજના દિવસો દરમિયાન મોડામાં મોડા તા. ૨૪/૭/૨૦૨૦ના રોજ ૧૭-૦૦ કલાક સુધીમાં જનસંપર્ક અધિકારીશ્રી, જિલ્લા કલેક્ટર કચેરી, ગાંધીનગરને રજી.પો.એ.ડી.થી મળે તે રીતે રજૂ કરવાનું રહેશે. સમયમર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ. મળેલ તમામ અરજીઓની ચકાસણી ખર્યા બાદ ઈજારો આપવા અંગેનો નિર્ણય કરવામાં આવશે.

તારીખ : ૭/૭/૨૦૨૦ રવાના કરવા પ્રમાણિત સહી/-
સ્થળ : ગાંધીનગર સહી/- (ડો. કુલદીપ આર્ય)
જનસંપર્ક અધિકારી કલેક્ટર, ગાંધીનગર
માહિતી/૪૧૬/૨૦-૨૧ ગાંધીનગર